**રે. દિ. મુ. નં.૨૦/૨૦૨૫**

**-: આંક-૫ હેઠળ હુકમ :-**

સાંભળ્યા,અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ,

(૧) સદર કામે વાદીએ હાલની અરજી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે.વાદીની કામચલાઉ મનાઈ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે,વાદી તથા પ્રતિવાદી મુળ પુરુષ કોટવાલ શંકરજી જીવાજીના વારસો છે તથા કોટવાલ શંકરજી જીવાજીને છ સંતાનો હતા.આ કોટવાલ શંકરજી જીવાજીના ખાતે આવેલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની મોજે.માંકરોડા,તા.ભિલોડા, જી.અરવલ્લીના સીમમાં આવેલ ખાતા નંબર-૧૨૩,જુનો સર્વે નંબર-૭૯,નવો સર્વે નંબર-૧૬૧ ની હે.આરે.ચો.મી. ૦૧-૬૭-૪૪ ની જમીનમાં ચાર ભાગ પૈકી ૪૩ ગુંઠા જમીન આવેલ હતી તથા તેઓ વૃધ્ધાવસ્થાના કારણે વાદી પાસે રહેતા હોય તથા વાદી તેમની સેવા ચાકરી કરતાં હોય તેઓએ તેમની હયાતીમાં સદર સ.નં.૧૬૧ ની જમીન વાદીના નામે કરી આપેલ અને તે અંગેની નોંધ નં.૭૭૮, તા.૦૧.૦૯.૦૪ ના રોજ રેવન્યુ રેકર્ડ તેમની હયાતીમાં પાડવામાં આવેલ તથા સદર નોંધ આધારે વાદીનુ નામ સ.નં.૧૬૧ ની હે.આરે.ચો.મી. ૦૧-૬૭-૪૪ ની જમીન અંગે દાખલ થયેલ છે તથા વાદીના પિતા કોટવાલ શંકરજી જીવાજીનુ નામ કમી થયેલ છે તથા વાદી સદર સમયથી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવે છે તથા આ જમીનમાં વાદી સાથે અન્ય સહ ભાગીદારો પણ રહેલ છે તથા વાદી જમીનમાં ચાર ભાગે પોત પોતાના ભાગની જમીનમાં ખેતી કરતા હોય તેઓ સાથે કોઈ તકરાર કે દાદ ન હોય તેઓને પક્ષકાર તરીકે જોડેલ નથી.વધુમાં મોજે.માંકરોડા,તા.ભિલોડા, જી.અરવલ્લીના સીમમાં આવેલ ખાતા નંબર-૧૨૩,જુનો સર્વે નંબર-૭૯,નવો સર્વે નંબર-૧૬૧ ની હે.આરે.ચો.મી.૦૧-૬૭-૪૪ ની જમીન પૈકી હે.આરે.ચો.મી.૦૦-૪૧-૮૦ ની ખેતીની જમીનના વાદી કાયદેસરના માલીક અને કબજેદાર છે તથા પ્રતિવાદીઓનો આ જમીનમાં કોઈ લાગભાગ,હકક,હીત કે હીસ્સો કે અધિકાર આવેલ નથી તેમ છતાં પ્રતિવાદીઓએ પોતાના નામે વારસાઈ હકકે નોંધ નંબર ૮૦૦ પડાવી દીધેલ પરંતુ સદર નોંધ પેઢીનામાના અભાવે રદ થયેલ. ત્યારબાદ પ્રતિવાદીઓએ નોંધ નં.૨૧૫, તા.૨૨.૦૨.૦૭ ના રોજ પડાવેલ પરંતુ વાદીએ તા.૧૬.૦૭.૨૧ ના રોજ ક્ષતિ સુધારણા અંગેની ઓનલાઈન અરજી મામલતદાર,ભીલોડાને કરતાં તેઓએ હુકમ નં. આઈ.ઓ.આર.એ./૨૦/૩૧૦૫/૨૦૨૧,તા.૩૧.૦૭.૨૧ ના રોજ કોટવાલ શંકરજી જીવાજીનુ નામ નોંધ નં.૭૭૮ ના કામે કમી થયેલ હોય પ્રતિવાદીઓની વારસાઈ નોધ નં.૯૧૫ થી દાખલ થયેલ નામો કમી કરવા હુકમ કરેલ છે તથા તે સામે પ્રતિવાદીઓએ નાયબ કલેકટર,મોડાસા સમક્ષ આર.ટી.એસ.

અપીલ નં.૨૪૩/૨૦૨૩ દાખલ કરતાં સદર અપીલ ગ્રાહ્ય રાખવામાં આવેલ નહી જેથી દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનો કોઈ કાયદેસરનો હકક કે અધિકાર આવેલ નથી.સદરહુ દાવાવાળી જમીન પૈકી વાદીઓના હીસ્સાની જમીનની પુર્વે સ.નં.૧૫૧ પૈકી કટારા લાલજીભાઈ હીરાભાઈ વીગેરેની જમીન, પશ્ચિમે પ્રતિવાદી સળુભાઈ નાનજીભાઈની સ.નં.૧૨૯ પૈકીની જમીન,ઉત્તરે પ્રતિવાદી થાવરાભાઈ શંકરભાઈ તથા પ્રકાશભાઈ શંકરભાઈ વીગેરેની સ.નં.૧૨૯ પૈકીની જમીન,દક્ષિણે સ.નં.૧૬૧ પૈકી વિજયભાઈ બચુભાઈ કોટવાલના હીસ્સાની જમીન આવેલ છે.સદરહુ દાવાવાળી જમીન વાદીને તેઓના પિતા કોટવાલ શંકરજી જીવાજીએ તેઓની હયાતીમાં આપેલ હોય તથા પ્રતિવાદીઓ જાણતા હોવા છતાં આ જમીન પડાવી લેવાની મેલી મુરાદ ધરાવતા હોય પોતાનુ નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવા પ્રયત્ન કરી રહેલ છે.વધુમાં વાદી તથા સહભાગીદારો ધ્વારા દાવાવાળી જમીનમાં ચાલુ સાલે સ્થળ ઉપર હીસ્સાની માપણી કરાવી રેકર્ડથી નામ અલગ કરાવી જુદા ખાતા પાડવા નકકી કરેલ હોય તથા તે અંગે મોડાસા  લેન્ડ રેકર્ડની કચેરીને અરજી કરતાં તા.૦૩.૦૬.૨૫ ના રોજ સદર કચેરીએથી અધિકારી આવેલા અને સ્થળ ઉપર હીસ્સા નકકી કરવા માપણી કરતા હતા તે દરમીયાન પ્રતિવાદીઓએ એકસંપ થઈ સદર માપણી અટકાવેલ તથા જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ તથા વાદી ધ્વારા રેવન્યુ રેકર્ડ બતાવી સમજાવવા છતાં સમજેલ નહી તથા સમાજમાં નામ ખરાબ ન થાય તે આશયથી વાદી ધ્વારા કાનુની કાર્યવાહી કરવાનુ ટાળેલ પરંતુ તા.૨૭.૦૬.૨૫ ના રોજ વાદી ખાનગી સર્વેયર મારફતે માપણી કરાવતા હોય તે વખતે પ્રતિવાદીઓએ માપણી કરાવવા દીધેલ નહી અને ધમકીઓ આપતા હોય દાવાવાળી જમીનમાં વાદીના હકક,અધિકારનુ રક્ષણ મેળવવા હાલનો દાવો દાખલ કરેલ છે તથા દાવો ચાલતા દરમીયાન સુધી પ્રતિવાદીઓ વિરુઘ્ધ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજી કરેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીઓને દાવા તથા આંક–૫ ની અરજીની ઈસ્યુ કરેલ નોટીસ બજી જતા વકીલ મારફતે હાજર થયેલ છે અને આંક–૧૧ થી પ્રતિવાદી નં.૧ થી ૯ તરફે દાવા તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરેલ છે તથા પ્રતિવાદી નં.૧૦ તરફે આંક–૧૩ ની પુરસીસથી પ્રતિવાદી નં.૧ થી ૯ તરફે રજુ થયેલ જવાબને કબુલ કરતી હકીકત જાહેર કરેલ છે.વધુમાં પ્રતિવાદીઓ તરફે વાદીની કામ ચલાઉ મનાઈ હુકમની અરજીનો પેરા વાઈઝ ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે,વાદી ધ્વારા હાલનો ખોટો કેસ કરેલ છે તથા દાવાવાળી મીલકત વાદી તથા પ્રતિવાદીઓની માલીકીની વણવહેંચાયેલ વડીલોપાર્જીત જમીન છે અને આ જમીનમાં વાદી તથા પ્રતિવાદીઓનો હીસ્સો રહેલ છે તથા નોંધ નં.૯૧૫,તા.૨૨.૦૨.૦૭ થી વાદી તથા પ્રતિવાદીઓના નામ

વારસદાર તરીકે દાખલ થયેલા છે તથા વાદીની તરફેણમાં નોંધ નં.૭૭૮ વાદીએ છેતરપીંડી કરી ખોટી રીતે પડાવેલ છે જેથી દાવાવાળી મીલકતમાં વાદી તથા પ્રતિવાદીઓનો હકક,હીસ્સો રહેલ હોય તથા નોંધ નં.૯૧૫ રદ કરતા હુકમ વિરુધ્ધ પ્રતિવાદીઓએ કલેકટરમાં રીવીઝન અરજી ૪/૨૫ દાખલ કરેલ છે જે હાલ હુકમના તબકકે પેન્ડીંગ છે જેથી દાવાવાળી મીલકતમાં વાદી અને પ્રતિવાદીઓનો હીસ્સો રહેલ હોય તથા વાદી તરફે હાલનો ખોટા કારણોસર દાવો તથા કામચલાઉ મનાઈ હુકમની અરજી દાખલ કરેલ હોય અરજી ખર્ચ સહીત નામંજુર કરવા અરજ કરેલ છે.

(૩) વાદી તરફે પ્રતિવાદીઓના જવાબ અંગે આંક–૧૪ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે અને પ્રતિવાદીઓના જવાબનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને પોતાની દાવા અરજી તથા કામ ચલાઉ મનાઈ હુકમની અરજીની હકીકતોને વળગી રહેલ છે,જેથી પુનરાવર્તન ટાળવા હેતુસર ફરી ચર્ચા કરેલ નથી.

(૪) સદર કામે હાલની અરજીનો નિર્ણય કરતા પહેલા નામદાર સુપ્રિમ કોર્ટનો **Kashi Math Samsthan & Anr. V/s. Srimad Sudhindra Thirtha Swamy & Anr. reported in AIR 2010 Supreme Court 296** ના ચુકાદાના પેરા–૧૩ માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત વંચાણે લેવા જરુરી છે જે નીચે મુજબ છે.

> **Para-13 -** In order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.

ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વંચાણે લેવામાં આવે તો,વાદીએ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે પોતાનો કેસ પ્રથમ દર્શનીય હોવાનું તેમજ સગવડતાનું પાસું તેઓની તરફેણમાં હોવાનું અને નાણાંથી પણ ભરપાઈ થઈ શકે નહીં તેવું નુકશાન થવાની સંભાવના હોવાનું પુરવાર કરવું જરુરી છે.આ પૈકી એક પણ તત્વ પુરવાર થતું ન હોય તો વાદી મનાઈ હુકમ મેળવવા હકદાર નથી.

(૫) આમ,ઉપરોકત હકીકતો તથા રેકર્ડ ધ્યાને લેતા હાલમાં દાવાવાળી મીલકત મોજે. માંકરોડા,તા.ભિલોડા,જી.અરવલ્લીના સીમમાં આવેલ ખાતા નંબર–૧૨૩,જુનો સર્વે નંબર–૭૯, નવો સર્વે નં.૧૬૧ ની હે.આરે.ચો.મી.૦૧–૬૭–૪૪ વાળી ખેતીની જમીન વાદી તથા પ્રતિવાદીઓના મુળ પુરુષ કોટવાલ શંકરજી જીવાજીના નામે ચાલતી હતી તથા તેઓ વૃધ્ધાવસ્થાના કારણે વાદી પાસે રહેતા હોય તથા વાદી તેમની સેવા ચાકરી કરતાં હોય તેઓએ તેમની હયાતીમાં સદર સ.નં.૧૬૧ ની જમીન વાદીના નામે કરી આપેલ અને તે અંગેની નોંધ નં.૭૭૮,તા.૦૧.૦૯.૦૪ ના રોજ રેવન્યુ રેકર્ડ તેમની હયાતીમાં પાડવામાં આવેલ તથા સદર નોંધ આધારે વાદીનુ નામ સ.નં.૧૬૧ ની હે.આરે.ચો.મી. ૦૧–૬૭–૪૪ ની જમીન અંગે દાખલ થયેલ છે તથા વાદીના પિતા કોટવાલ શંકરજી જીવાજીનુ નામ કમી થયેલ છે તથા વાદી સદર સમયથી જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવે છે.સદર જમીન અંગે વાદી તરફે નિશાની ૪ તેમજ નિશાની ૧૫ થી રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા,વાદી તથા મરહુમ શંકરજી જીવાજી કોટવાલના ભાઈઓ કાનજી જીવાજી કોટવાલ,બચુજી જીવાજી કોટવાલ,સુકાજી જીવાજી કોટવાલના નામે ચાલતી આવેલ તથા પ્રતિવાદીઓના નામ વારસદાર તરીકે રેવન્યુ રેકર્ડમાં નોધ નં.૯૧૫ થી દાખલ થયેલ જે નોધ ભીલોડા મામલતદાર ધ્વારા વાદી ધ્વારા દાખલ કરેલ ક્ષતિ સુધારણાની ઓનલાઈન અરજી હેઠળ તા.૩૧.૦૭.૨૧ ના રોજ હુકમ નં.આઈ.ઓ.આર.એ. /૨૦/૩૧૦૫/૨૦૨૧ થી સુધારો કરી પ્રતિવાદીઓના નામ ખાતેદાર તરીકે રદ કરેલ છે તથા તે અંગેની નોંધ નોધ નં.૧૭૫૮ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ.સદરહુ હુકમ વિરુધ્ધ પ્રતિવાદીઓએ મદદનીશ કલેકટર, મોડાસામાં દાખલ કરેલી વિવાદી અરજી નામંજુર કરેલ તથા નોંધ નં.૧૭૫૮ થી થયેલ નોંધ યથાવત રાખવા હુકમ કરેલ છે.આમ,દાવાવાળી જમીનમાં વાદીનું નોંધ નં.૭૭૮ થી દાખલ થયેલ નામ અંગે વિરુધ્ધનો કોઈ હુકમ જણાતો નથી તથા દાવાવાળી મીલકતમાં હાલમાં વાદીનું તેઓના પિતા મરહુમ શંકરજી જીવાજી કોટવાલના ભાઈઓ કાનજી જીવાજી કોટવાલ,બચુજી જીવાજી કોટવાલ,સુકાજી જીવાજી કોટવાલ સાથે માલીક અને કબજેદાર તરીકે નામ જણાય છે.વધુમાં પ્રતિવાદીઓ તરફે દાવા કામે લીધેલ બચાવ તેમજ આંક–૧૨ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં દાવાવાળી મીલકત પ્રતિવાદીઓના નામે ચાલતી હોય તેવુ જણાઈ આવતુ નથી.આમ,દાવાવાળી મિલકત હાલમાં વાદીના નામે ચાલે છે તથા વાદી દાવાવાળી મીલકતના રેવન્યુ રેકર્ડમાં પડેલ નોંધ નં.૭૭૮ થી પ્રથમદર્શનીય રીતે માલીક અને કબજેદાર હોવાનુ જણાય છે તથા દાવાવાળી મીલકતમાં રહેલ તેઓના માલીકી અને કબજા હકકનુ પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો ચાલતા દરમીયાન સુધી રક્ષણ મેળવવા હકકદાર હોવાનુ જણાય છે તથા સગવડ–અગવડની સમતુલા તથા નુકસાનીની સમતુલા વાદીની તરફેણમાં

જણાય છે તથા વાદીના માલીક અને કબજાહકકને પ્રતિવાદીઓ વિરુઘ્ધ રક્ષણ આપવામાં ન આવે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન જવાની શકયતા રહેલી છે જેથી વાદી દાવાવાળી મીલકતના દાવો ચાલતા દરમીયાન સુધી પ્રતિવાદીઓ વિરુઘ્ધ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હકકદાર હોવાનુ જણાય છે જેથી હાલની આંક–૫ની અરજી અંગે નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

–: **હુકમ** :–

(૧) વાદીની આંક–૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી મંજુર કરવામાં આવે છે તથા આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી મીલકત અંગે જાતે કે તેઓના માણસો,એજન્ટો, મળતીયાઓ ઘ્વારા વાદીને વાવેતર કરતા,પાક લેતા,લેવડાવતા,પ્રવેશ કરતા અંતરાય,રુકાવટ, હરકત,હેલો કરવો–કરાવવો નહી તથા દાવાવાળી જમીનનો ઉપયોગ કરતા કે માપણી કરતા અટકાયત કે રુકાવટ કરવી–કરાવવી નહી તે મતલબનો વાદીની તરફેણમાં તથા પ્રતિવાદીઓ વિરુઘ્ધ દાવો ચાલતા દરમીયાન સુધી કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તા.**૦૩જી**,માહે–**ઓકટોબર**,સને–**૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૩/૧૦/૨૦૨૫**
**ભિલોડા.**

**( મોહંમદઈરફાન એહમદહુસેન મકરાણી)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ભિલોડા.**
**UIC NO.GJ 01007**